તાપમાન
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૧૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૮ | ૯ મે, ૨૦૧૬, સોમવાર ; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઉત્તરાખંડમાં શક્તિપરીક્ષણ પૂર્વે વધુ એક સ્ટિંગ

## ધારાસભ્યોને ૨૫-૨૫ લાખ રૂપિયા આપવાનો રાવત ઉપર આક્ષેપ : ઉત્તરાખંડમાં ૧૦મી મેના દિવસે થનાર શક્તિ પરીક્ષણ પહેલા હરિશ રાવતની મુશ્કેલીમાં વધારો થયો : હરિશ રાવતની સામે બીજી વખત સ્ટિંગ ઓપરેશન



નવીદિલ્હી,તા. ૮

ઉત્તરાખંડમાં શક્તિ પરીક્ષણ પહેલા હરિશ રાવતની મુશ્કેલીમાં વધારો થયો છે. નવા સ્ટિંગની વિગત સપાટી ઉપર આવી છે. આ સ્ટિંગમાં પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવત ઉપર ધારાસભ્યોને ૨૫-૨૫ લાખ રૂપિયા આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એક ચેનલ દ્વારા સ્ટિંગના આ વિડિયોને જારી કરીને ઉત્તરાખંડમાં રાજકીય કટોકટીમાં ગરમી લાવી દીધી છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કોંગ્રેસના અસંતુષ્ટ ધારાસભ્યો અને પૂર્વ મંત્રી હરખસિંહ રાવતે કેટલીક યોજનાઓ તૈયાર કરી હોવાના અહેવાલ મળી રહ્યા છે. ઉત્તરાખંડમાં ૧૦મી મેના દિવસે શક્તિપરીક્ષણ થનાર છે. નવા સ્ટિંગના અહેવાલ સપાટી ઉપર

આવવાથી રાજકીય ગરમી રાજ્યમાં વધી ગઈ છે. આ અગાઉ પણ હરિશ રાવતને આવરી લેતા એક સ્ટિંગથી ખળભળાટ મચી ગયો હતો. આ સ્ટિંગ તેમની પાર્ટીના અસંતુષ્ટ ધારાસભ્ય હરખસિંહ રાવત દ્વારા જારી કરાયું હતું. આ સ્ટિંગ મારફતે હરખસિંહે દાવો કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## રેલવે છ એક્સપ્રેસ ટ્રેનમાં વધારાના ડબ્બા લગાવશે

નવી દિલ્હી,તા.૮

પૂર્વોત્તર રેલવે દ્વારા વેઈટિંગ લિસ્ટના યાત્રીઓને વધુ રાહત આપવાના હેતુસર અડધા ડઝનથી વધુ એક્સપ્રેસ ટ્રેનમાં વધારાના સ્લીપર કોચ ગોઠવી દેવાનો નિર્ણય કર્યો છે. પૂર્વોત્તર રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સંજય યાદવે કહ્યું છે કે, વેઈટિંગ લિસ્ટના યાત્રીઓની સુવિધા માટે રેલવે વહીવટી તંત્ર દ્વારા જુદી જુદી એક્સપ્રેસ ટ્રેનોમાં વધારાના કોચ ગોઠવવાનો નિર્ણય કરાયો છે.

## કપાસની નિકાસમાં ૧૦ ટકા સુધી થયેલો નોંધપાત્ર ઘટાડો

નવી દિલ્હી,તા. ૮

વર્તમાન નાણાંકીય વર્ષમાં કપાસની નિકાસમાં ૧૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં પુરા થયેલા વર્તમાન વર્ષના કોટન નિકાસમાં ૧૦ ટકાનો ઘટાડો થતાં આ આંકડો ઘટીને છ મિલિયન બેલ્સ સુધી પહોંચી ગયો છે. સ્થાનિક કિંમતમાં ઉલ્લેખનીય વધારો પણ આના માટે જવાબદાર છે જેના પરિણામ સ્વરુપે વૈશ્વિક બજારમાં નેચરલ ફાઈબર તરીકે ગણાતા કપાસમાં કોઈ સ્પર્ધા જોવા મળી રહી નથી. વર્ષ ૨૦૧૪-૧૫ના માર્કેટિંગ વર્ષ (ઓક્ટો-સપ્ટે.)માં ભારત દ્વારા ૬.૭ મિલિયન બેલ્સ (પ્રતિ ૧૫૦ કિલોગ્રામ)ની નિકાસ કરવામાં આવી છે.

# વન્ય મંજુરીના વિલંબથી ઈન્ફ્રા પ્રોજેક્ટો અટવાયા

## વિલંબના લીધે ઈન્ફ્રા પ્રોજેક્ટો પર ૧.૬ લાખ કરોડનો વધુ ખર્ચ થશે : ૧૦૭૧ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો પૈકી દરેક પ્રોજેક્ટો ૧૫૦ કરોડથી વધુના છે ૨૩૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ઉપર પ્રોજેક્ટ ખર્ચમાં નોંધપાત્ર વધારો નોંધાયો

નવી દિલ્હી,તા. ૮

આંકડાકીય મંત્રાલય દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, વિલંબના પરિણામ સ્વરુપે પ્રોજેક્ટ ઉપર ખર્ચ વધી ગયો છે. ૨૩૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો પ્રોજેક્ટ ખર્ચ મૂળભૂત અંદાજ કરતા ૧.૬ લાખ કરોડથી સુધી વધી ગયો છે. જમીન પ્રાપ્તિને લઈને વિલંબ અને અન્ય કારણોસર વિલંબના પરિણામ સ્વરુપે આ ખર્ચમાં ઉલ્લેખનીય વધારો થયો છે. મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૧૫૦ કરોડ અથવા તો વધુ રકમના ૧૦૭૧ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ઉપર આંકડાકીય મંત્રાલય દ્વારા નજર રાખવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટોમાં પાવર, રેલવે અને માર્ગ પરિવહન જેવા જુદા જુદા સેક્ટરોના પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે.

૨૦૧૬ના આંકડા મુજબ ૧૦૭૧ પ્રોજેક્ટો પૈકી ૨૩૮ પ્રોજેક્ટોમાં ખર્ચનો આંકડો વધી ગયો છે જ્યારે ૩૪૧ પ્રોજેક્ટોમાં પણ વિલંબ થયો છે જેના પરિણામ સ્વરુપે ખર્ચમાં અનેકગણો વધારો થયો છે.

આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ૧૦૭૧ પ્રોજેક્ટોના અમલીકરણ ઉપર કુલ મૂળભૂત ખર્ચનો આંકડો ૧૨૬૬૨૪૮.૩૬ કરોડનો હતો અને તેમની પૂર્ણાહૂતિ ખર્ચનો આંકડો ૧૪૨૬૯૮૫.૯૩ કરોડ રૂપિયાનો હતો જે દર્શાવે છે કે, એકંદરે ખર્ચનો આંકડો વિલંબ અને અન્ય કારણોસર મૂળભૂત ખર્ચની સરખામણીમાં ૧૬૦૭૩૭.૫૭ કરોડ વધી ગયો છે.

# હિમાચલમાં બસ અકસ્માતમાં ૧૪ના મોત, ૪૦થી વધુ ઘાયલ

## હિમાચલ પરિવહનની બસ ધર્મશાળાથી કિન્નોર જિલ્લા તરફ જતી હતી : મૃતકોના પરિવારોને આર્થિક સહાયતા



મંડી,તા. ૮

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં શનિવારે રાત્રે એક બસ દુર્ઘટનામાં ૧૪ લોકોના મોત થઈ ગયા છે જ્યારે ૪૦થી વધારે લોક ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, હિમાચલ માર્ક પરિવહન નિગમની બસ ધર્મશાળાથી કિન્નોર જિલ્લાના રિકાંગપીઓ તરફ જઈ રહી હતી. આ બસ શિમલાથી આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે જોગીન્દરનગરની નજીક ખીણમાં ખાબકી ગઈ હતી. બનાવ બન્યો ત્યારે બસમાં ૫૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા.


**CENTRAL UNIVERSITY OF GUJARAT**
(Established by an Act of Parliament of India (No. 25 of 2009)
Sector-29, Gandhinagar-382030, Gujarat.

Advertise No. : CUG/01/2016-17 22nd April 2016

**ADMISSION ANNOUNCEMENT 2016-17**

The University has commenced admissions to various academic programmes for the year 2016-17. The online application form will be available on the University website (www.cug.ac.in) from 09th May, 2016. An Online Entrance Test will be conducted at various centres across India on 26th June, 2016.

Programmes Offered

- **M.Phil.-Ph.D. integrated programmes**
  - (a) Economics (b) Gandhian Thought and Peace Studies (c) Studies in Science, Technology and Innovation Policy (d) Society and Development (e) International Politics (f) Security Studies (g) Comparative Literature (h) Hindi Language and Literature.
- **2 Year postgraduate programmes**
  - **M.A. in** (a) Economics (b) Sociology (c) Politics and International Relations (d) English (e) Gujarati
  - **M.Sc. in** (a) Chemical Sciences (b) Environmental Sciences (c) Industrial Chemistry (d) Life Sciences (e) Nanotechnology.
  - **M.Lib.I.Sc. (Two-year)** in Master of Library and Information Sciences.

All relevant details will be available on the University website **www.cug.ac.in 09th May, 2016 onwards**.

Registrar


# ઉત્તરાખંડમાં વાદળ ફાટતા બદ્રીનાથ હાઈવે બંધ

## ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણ ખોરવાયું : જળબંબાકારની સ્થિતિ સર્જાતા અનેક વાહનો અને મકાનો ડુબ્યા : પરિસ્થિતિને કાબૂમાં લેવા પ્રયાસ

કર્ણપ્રયાગ,તા.૮

ઉત્તરખંડના ચમોલી અને ચંપાવત વિસ્તારમાં વાદળ ફાટવાની આજે ઘટના બનતા ઘળભળાટ થયો હતો. અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. કર્ણપ્રયાગમાં વાદળ ફાટવાની ઘટનાથી બદ્રીનાથ હાઈવે ચાર જગ્યાએ બંધ કરવાની ફરજ પડી હતી. ચમોલી, થરાલી વિસ્તારમાં હાલત કફોડી બની હતી. જો કે, જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. આજે સવારે આઠ વાગ્યાની આસપાસ કર્ણ પ્રયાગના ડાંડા વિસ્તારમાં વાદળ ફાટવાની ઘટનાથી મોટાપાયે ભેખડો ધસી પડી હતી. કાટમાળ નજીકના ૩૫ મકાનો ઉપર પડ્યો હતો. મકાનમાં એકાએક કાટમાળ અને પાણી ઘુસી જતાં લોકો ઘભરાઈને બહાર દોડી ગયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. એસડીઆરએફની ટીમ પણ પહોંચી ગઈ છે. સ્થાનિક લોકો બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ ગયા હતા.

જો કે બનાવમાં કેટલાક પ્રાણીઓના મોત થયા હોવાના સમાચાર મળ્યા છે. જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગયા બાદ ઘણા વાહનો ડુબી ગયા હતા. કેટલાક મકાનો પણ ડુબી ગયા હતા. લોકોને સુરક્ષિત સ્થળોએ જતા રહેવા માટે કહેવામાં આવ્યું છે. કારણ હજુ પણ ભારે વરસાદ થઈ રહ્યો છે.





## હાર્દિક અભિનંદન

આપશ્રીની ગાંધીનગર મહાનગરપિલાકના ડેપ્યુટી મેયર પદે વરણી થવા બદલ લાખ લાખ અભિનંદન... આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છા....



દેવેન્દ્રસિંહજી ચાવડા
(જીગાબાપુ)



કૃતિક હિતેશકુમાર ભટ્ટ
સેક્ટર-૨૬

